ક્રમાંકઃકૃષમ/૧૩૨૦૧૨/૪૦૧/પાર્ટ-૧/મ-૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૪/૦૩/૨૦૧૨

પ્રતિ,
સર્વે વાઇસ ચાન્સેલરશ્રી,
કૃષિ યુનિવર્સીટીઓ,
આણંદ,દાંતીવાડા,જુનાગઢ,નવસારી

વિષયઃ કૃષિ મહોત્સવ-૨૦૧૨ અંતર્ગત સુચનાઓ

શ્રીમાન,

વર્ષ ૨૦૧૨માં તા.૨૪ એપ્રિલ ૨૦૧૨ થી શરૂ કરીને ૩૦ દિવસ(૧ માસ ) માટે કૃષિ મહોત્સવનું આયોજન કરવાનું સરકારની વિચારણામાં છે. કૃષિ મહોત્સવ-૨૦૧૨ અંતર્ગત નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવા આજ્ઞાનુંસાર વિનંતી છે.

(૧) કૃષિ મહોત્સવ દરમ્યાન, કૃષિ રથ સાથે મોકલવાના કૃષિ યુનિવર્સીટીઓના સ્ટાફનું એ રીતે આયોજન કરવુ કે કોઇ અગવડતા ઉભી ન થાય કે કોઇને વધુ પડતો બોજો આવે નહી.સામાન્યત ૮૦ ગામ માટે ૨૪૦ નો સ્ટાફ જોઇએ.

(૨) કૃષિ રથ સાથે જતા સ્ટાફ સાથે વિધાર્થીઓનો પણ સમાવેશ કરવો.જુના વિધાર્થીઓ સ્વૈચ્છિક રીતે કામ કરવા અને રથ સાથે જવા તૈયાર હોય તો તેમને મોકલવા.

(૩) કૃષિ રથ સાથેના વૈજ્ઞાનિકો અને વિધાર્થીઓના નામ જે તે યુનિવર્સીટીએ નકકી કરી જિલ્લાના અધિકારીઓને જાણ કરવાની રહેશે.

(૪) કૃષિ રથની ફેરણી દરમ્યાન કૃષિ યુનિવર્સીટીના અધિકારીઓ તાલુકા મથકે રાત્રી રોકાણ કરે તેવી સુચનાઓ આપવી.ફરજ છોડી પાછા ન આવે તે અંગે સુચનાઓ આપવી.

(૫) કોઇ અધિકારી,કર્મચારીને સામાન્ય રીતે ૭ દિવસથી વધુ કામ કરવું પડે નહી તે રીતે આયોજન કરવું

(૬) કિસાન વિકાસ કેન્દ્રોના સ્ટાફનો કૃષિ મહોત્સવ સંબધી કાર્યક્રમની સારી જાણકારી હોઇ તેમનો ક્ષેત્રીય કામગીરી માટે મહતમ ઉપયોગ કરવો.

T-2
1613

૨૫૭૩
૨૬/૩/૧૨

(૭) દરેક અધિકારી ભાગ લે રીસર્ચ પ્રોફેસરોને પણ યોગ્ય જવાબદારીઓ સોંપવી.

(૮) કૃષિ મહોત્સવ-૨૦૧૨માં પ્રગતિશીલ ખેડૂતોનો મહતમ ઉપયોગ થાય તે મુજબ આયોજન કરવું.

(૯) કૃષિ યુનિવર્સીટીમાં યોજાનાર મેગા ઇવેન્ટ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

ગરીબ કલ્યાણ મેળા તથા સામાન્યતઃસરકારી મેળાવડા / સમારંભોમાં જે રીતે ખર્ચ થતો હોય તે રીતે મર્યાદામાં રહી ખર્ચ કરવો.નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોના પાલનનો આગ્રહ રાખવામાં આવે છે.

(૧૦) દરેક યુનિવર્સીટીએ લોકલ બાયોફર્ટીલાઇઝર સ્ટેઇન આઇસોલેટ કરી જરુરીયાત મુજબ લીકવીડ બાયોફર્ટીલાઇઝર પ્રોડકશન કરવું ઓછામાં ઓછું ૧૦,૦૦૦ લીટરનું ટાર્ગેટ રાખવું.

(૧૧) યુનિવર્સીટીઓએ માઇક્રોન્યુટ્રીયંટ મેપ તૈયાર કરવા.

(૧૨) કૃષિ યુનિવર્સીટી ધ્વારા બ્રીડર શીડ વીલેઝ પ્રોગ્રામ લેવા માટેનું આયોજન કરવું.

(૧૩) દરેક યુનિવર્સીટીએ ૧૦ થી ૧૨ નવા વિષય સાથે,સ્થાનિક બોલીમાં સીડીઓ તૈયાર કરી મલ્ટીપ્લીકેશન કરવું અને યુનિવર્સીટીના વિસ્તાર વાઇઝ કૃષિ મહોત્સવ-૨૦૧૨ દરમ્યાન વિતરણ કરવું,ટ્રાઇબલ બહેનોના અવાજમાં પણ ડબીંગ કરી શકાય.

આપનો વિશ્વાસુ,

(આર.ટી.ક્રિશ્ચિયન)
નાયબ સચિવ
કૃષિ અને સહકાર વિભાગ

નકલ રવાનાઃ-

- ખેતી નિયામકશ્રી,કૃષિ ભવન, ગાંધીનગર

જા.નં. જૂકૃયુ/વિશિનિ/ટેક–૨/૨૭૯૭-૯૯/૧૨, જૂનાગઢ તા.૨૬/૦૩/૨૦૧૨

વિસ્તરણ શિક્ષણ નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

નકલ રવાનાઃ

(૧) સર્વે સંશોધન વૈજ્ઞાનિકશ્રી/ પ્રાધ્યાપકશ્રી/ કચેરીના વડાશ્રીઓ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી તરફ જાણ તથા કૃષિ મહોત્સવ–૨૦૧૨ અંતર્ગતની આપને સંલગ્ન સુચનાઓ આપની કચેરીના સર્વે અધિકારી/ કર્મચારીશ્રીઓને ધ્યાને લાવવા તથા જરૂરી અમલ કરવા સારૂ.

(૨) નિયામકશ્રી, આઈ.ટી.સેલ., જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ દરેક કચેરીને e-mail થવા સારૂ.